**આણંદમાં વીજ કંપનીની ઘોર બેદરકારી | કોર્પોરેટરોએ આપી આંદોલનની ચીમકી ઉચ્ચારી**

# આણંદ શહેરમાં ભરઉનાળે વારંવાર કેબલ સળગી ઉઠતા રહીશો ‘તપ્ત’

**છેલ્લા 15 દિવસમાં અનેક વિસ્તારોમાં કેબલ ફાયરની ઘટનાથી રોષ**

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ શહેરમાં છેલ્લા 15 દિવસથી વિવિધ વિસ્તારોમાં વીજ કંપનીના કેબલ વારંવાર સળગી ઉઠવાની ઘટનાઓ બની રહી છે. અસહ્ય ગરમીની સિઝનમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં રહીશો, ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર મુદ્દે વોર્ડ નંબર 3 અને 4ના



ચુંટાયેલા કોર્પોરેટરોએ સુપ્રિટેન્ડન્ટ એન્જિનિયરને લેખિતમાં રજૂઆત કરી ઉચ્ચ કક્ષાએ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત 12મી મેના રોજ રાત્રિના સમયે પાકીઝા અને ઈસ્માઈલનગર વિસ્તારમાં કેબલ સળગવાની ઘટના બની હતી. નવાઈની વાત એ છે કે, જૂનો કેબલ સળગ્યા બાદ તંત્ર દ્વારા નવો કેબલ નાખવામાં આવ્યો હતો, પરંતુ તે નવો કેબલ પણ માત્ર અડધા જ કલાકમાં ફરી સળગી ઉઠ્યો હતો. આ ઘટના વીજ કંપની દ્વારા વાપરવામાં આવતા મટીરીયલની ગુણવત્તા સામે મોટા સવાલો ઉભા કરે છે.

આ અંગે કોર્પોરેટરોએ આક્ષેપ કર્યો છે કે, આણંદ જીઈબી ઓફિસ પાસે પૂરતો સ્ટોક નથી અને હલકી ગુણવત્તાવાળા ઈન્સ્યુલેટેડ કેબલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, સ્ટાફની પણ મોટી અછત હોવાને કારણે ફરિયાદોનું સમયસર નિવારણ આવતું નથી, પરિણામે રહીશોને અંધારપટ અને ગરમીમાં સેકાવું પડે છે.

આ અંગે રજૂઆત કરનાર કોર્પોરેટરોમાં સલીમસા દિવાન, ડો. જાવેદ વહોરા, એરિકા મેકવાન સહિતના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. જો વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

**બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી**

આણંદમાં વારંવાર લાઈટ જવાથી કાળઝાળ ગરમીમાં વૃદ્ધો અને નાના બાળકોની તબિયત પર પણ જોખમ ઉભું થયું છે. આણંદને હવે મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો હોવા છતાં પૂરતી સુવિધાઓ ન મળતા રોષ જોવા મળી રહ્યો છે.

# વીરપુર ‘ડ્રાય સ્પેલ’ની લપેટમાં ઈંધણ વગર જનતા રામભરોસે!

**ત્રણેય પેટ્રોલ પંપો પર ‘નો સ્ટોક’ના પાટિયા**

(પ્રતિનિધિ) વીરપુર તા.14

વીરપુર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ, ડીઝલ અને સીએનજીની ભારે અછત સર્જાતા સમગ્ર પંથક સ્તબ્ધ થઈ ગયો છે. તાલુકાની અંદાજે એક લાખની જનતા અત્યારે ઈંધણના આ સંકટ સામે લાચાર બની છે, અને લોકોનું દૈનિક જીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. વીરપુરના મુખ્ય ત્રણેય પેટ્રોલ પંપો પર અત્યારે ‘પેટ્રોલ નથી’, ‘ડીઝલ નથી’ અને ‘CNG બંધ’ના બોર્ડ લટકી રહ્યા છે, જેના કારણે પંપો સુમસામ ભાસી રહ્યા છે. ખાસ કરીને અત્યારે લગ્નસરાની



ધૂમ સીઝન ચાલી રહી છે, ત્યારે ઈંધણ ન મળવાને કારણે પ્રસંગોમાં જનારા પરિવારો, વેપારીઓ અને ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

વીરપુર પંથકમાં ખેતીકામ અને પરિવહન માટે ડીઝલની તાતી જરૂરિયાત હોવા છતાં, વાહનચાલકોને એક ટીપું ઈંધણ મેળવવા માટે ગામેગામ ભટકવાનો વારો આવ્યો છે. પરિવહન ઠપ, રોજીરોટી પર સંકટ CNG ગેસનો જથ્થો પણ ખૂટી પડતા રિક્ષા ચાલકો અને કમર્શિયલ વાહનચાલકોની આજીવિકા પર સીધી અસર પડી છે. શાળાઓમાં જતા વિદ્યાર્થીઓના વાહનો અને માલવાહક વાહનો અટકી પડતા આર્થિક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. લોકોનો આક્રોશ છે કે વાહનચાલકો રઝળી રહ્યા છે અને તંત્ર તમાશો જોઈ રહ્યું છે.

તંત્રની નિષ્ક્રિયતા સામે લોકરોષ આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં પુરવઠા વિભાગ ઘોર નિંદ્રામાં હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિક જનતામાં તંત્ર પ્રત્યે ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકોની અત્યારે એક જ માંગ છે કે, પુરવઠા વિભાગ પોતાની કુંભકર્ણી નિંદ્રા ત્યાગીને તાત્કાલિક ધોરણે ઈંધણનો જથ્થો ઉપલબ્ધ કરાવે, જેથી જનજીવન ફરી પાટા પર ચડી શકે.

# વડતાલના શ્યામવલ્લભ સ્વામીનો અક્ષરવાસ થયો

**વડતાલ ખાતેથી આજે સવારે અંતિમયાત્રા નીકળશે**

(પ્રતિનિધિ) આણંદ તા.14

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ મંદિરના કાર્યનિષ્ઠ અને સમર્પિત સંત પૂજ્ય શ્યામવલ્લભ સ્વામીનો ગુરુવાર, 14મી મે 2026ના રોજ માત્ર 40 વર્ષની નાની વયે અક્ષરવાસ થયો છે. તેમના અચાનક વિદાયના સમાચાર વહેતા થતા જ સમગ્ર સત્સંગ સમાજ અને હરિભક્તોમાં ઊંડા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

વડતાલ મંદિરના વહીવટ સહયોગી તરીકે સેવા આપતા શ્યામવલ્લભ સ્વામી તેમની ‘ઉત્સવપ્રયોજક’ તરીકેની સેવાઓ અજોડ હતી. ગમે તેવી વિષમ ઋતુમાં પણ નિષ્ઠાપૂર્વક સેવા કરી તેમણે વડતાલના નાના-મોટા દરેક ઉત્સવને ઉજાળ્યા હતા.



આ સભા સંચાલન પર તેમની મજબૂત પકડ હતી અને તેમણે 75થી વધુ ગામોના સત્સંગી યુવાનોની એક સજ્જ સ્વયંસેવક ટીમ તૈયાર કરી હતી.

તેમની કાર્યપ્રણાલીથી આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, કોઠારી દેવપ્રકાશ સ્વામી અને વડીલ સંતો અત્યંત પ્રભાવિત હતા અને અનેકવાર સભાઓમાં તેમની મુક્ત કંઠે પ્રશંસા પણ કરી હતી. તેમને તેમના ગુરુબંધુ ડો. સંતવલ્લભ સ્વામીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત હતો.

સદગત સ્વામીની અંતિમયાત્રા 15મીના રોજ સવારે 9-00 કલાકે વડતાલ સ્થિત તેમના સંત નિવાસ ખાતેથી નિકળશે.

**મેગા સફાઈ અભિયાન | સ્ટેશન રોડ પર વર્ષો જૂના કાંસની સફાઈ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ**

# નડિયાદમાં સરદાર સાહેબની પ્રતિમા નીચે દબાયેલા ‘ગંદકીના ગંજ’ પર તંત્રના પ્રહાર

**મનપા દ્વારા પાંચથી છ ફૂટ ઊંડો કચરો અને કાદવ ઉલેચાયો**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

નડિયાદ શહેરના હૃદય સમાન સ્ટેશન રોડ પર વર્ષોથી જામી ગયેલી ગંદકી અને ચોમાસામાં ભરાતા પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે કોર્પોરેશન તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમા અને તેમની બેઠક હટાવ્યા બાદ, તેની નીચેથી વર્ષો જૂની ગંદકી અને અંદાજે 5થી 6 ફૂટ જેટલો જમા થયેલો કાંસનો કચરો મળી આવતા તંત્ર ચોંકી ઉઠ્યું છે.



તસવીર: જશવંતસિંહ રાઠોડ

હાલ આ સ્થળેથી કાદવ-કચરો દૂર કરવાની કામગીરી પ્રચંડ વેગ સાથે ચાલી રહી છે.

નડિયાદ શહેરનાસ્ટેશન રોડ પર આવેલા વર્ષો જૂના કાંસની સફાઈ પ્રક્રિયા દરમિયાન એક ચોંકાવનારી વિગત સામે આવી છે. સરદાર પટેલની પ્રતિમા જે બેઠક પર બિરાજમાન હતી, તે બેઠકની નીચે જ અંદાજે 5 થી 6 ફૂટ જેટલો કચરો અને કાદવ જમા થયેલો હતો. આ ગંદકીના કારણે પાણીના વહેણમાં અવરોધ પેદા થતો હતો. આ બાબત ધ્યાને આવતા જ નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ તેમજ નડિયાદ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદડ દ્વારા સ્થળ પર જઈને આ ગંભીર સમસ્યાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, ત્રીમૂર્તિ કોમ્પલેક્ષથી લઈને તાલુકા પંચાયત કચેરી સુધીનો આ કાંસ અત્યંત સર્પાકાર રીતે ફેલાયેલો છે. જેના કારણે સફાઈ કામગીરીમાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. તેમ છતાં, જેસીબી મશીનો અને ડમ્પરોની વિશાળ ફોજ ઉતારીને કચરો ઉલેચવાની પ્રક્રિયા હાલ પુરજોશમાં ચાલી રહી છે. ધારાસભ્ય પંકજ દેસાઈ અને ઉચ્ચ અધિકારીઓ જાતે સ્થળ મુલાકાત લઈ દિવસ-રાત આ કામગીરીનું સીધું મોનિટરિંગ કરી રહ્યા છે અને કામગીરીમાં વધુ વેગ લાવવા જરૂરી સૂચનાઓ આપી રહ્યા છે.

# ઉત્તરસંડામાં નોકરાણીએ માલિકના ઘરમાં ચોરી કરી

**વડતાલ પોલીસે સોની સહિત 3ની ધરપકડ કરી રૂ. 5.28 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

વડતાલ પોલીસ મથકની હદમાં આવતા ઉત્તરસંડા ગામમાં થયેલી લાખો રૂપિયાની ચોરીનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. જેમાં બે સોની સહિત 3ની ધરપકડ કરવામાં આવી છે.

ઉત્તરસંડામાં એક રહેણાંક મકાનમાંથી થયેલી ચોરી અંગે વડતાલ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસને તપાસમાં કોઈ જાણભેદુનો હાથ હોવાની શંકા જતા ઘરમાં કામ માટે આવતી નડિયાદની સંગીતા વિજય ઠાકોરની હિલચાલ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પોલીસની કડકાઈથી પૂછપરછમાં સંગીતા ભાંગી પડી હતી અને તેણે જ સોનાના દાગીના તથા રોકડની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. સંગીતાની કબૂલાત બાદ પોલીસે તપાસ લંબાવતા માલુમ પડ્યું હતું કે તેણે ચોરીના દાગીના પેટલાદના સંજાયાના મેહુલ ઉર્ફે ભુપત પરમારને આપ્યા હતા. મેહુલે આ દાગીના આણંદના હાર્દિક ભરત સોની નામના જ્વેલરને વેચ્યા હતા.

આથી, પોલીસે આ ત્રણેય આરોપીઓને દબોચી લઈને તેમની પાસેથી સોનાની રણી, ડાયમંડ વાળી વીંટી, પેન્ડલ અને રોકડ મળીને કુલ 5.28 લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખંભાતના કલોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વેકેશનમાં ગણિતના ડરને ભગાવી રહ્યા છે

**ખંભાત** | ખંભાતના કલોદરા ગામની ચંચલ દીપ વિદ્યાવિહારના અબ્દુલ કલામ સાયન્સ સેન્ટરમાં વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન ગણિતના વિવિધ નમૂનાઓ બનાવી રહ્યા છે. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ રમત-ગમત સાથે ગાણિતિક પ્રવૃત્તિઓ કરીને વિષય પ્રત્યેનો ડર દૂર કરી રહ્યા છે. શાળાના આચાર્ય ઇન્દ્રાબેન પટેલે બાળકોના આ ઉત્સાહને બિરદાવ્યો હતો અને જણાવ્યું હતું કે આ સેન્ટર જિલ્લાનું એકમાત્ર અબ્દુલ કલામ સાયન્સ સેન્ટર છે. વધુમાં, શાળામાં બાલ મંદિરથી ધોરણ 10 સુધી અભ્યાસ ચાલે છે.




### લુણાવાડામાં રવિશંકરજીના 70મા જન્મોત્સવ નિમિત્તે સેવાકીય છાશ વિતરણ યોજાયું

**લુણાવાડા** | રવિશંકરજી મહારાજના 70મા જન્મદિવસ પ્રસંગે આર્ટ ઓફ લિવિંગ પરિવાર લુણાવાડા દ્વારા બસ સ્ટેન્ડ ખાતે મુસાફરો માટે નિશુલ્ક છાશ વિતરણનું આયોજન કરાયું હતું. કાળઝાળ ગરમીમાં રાહત આપવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં એસ.ટી. ડ્રાઈવર-કંડકટર સહિત અનેક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ઠંડી છાશનો લાભ લીધો હતો. ડેપો મેનેજર જાગૃતિબેન અને સ્થાનિક દાતાઓના સહયોગથી સેવાભાવી કાર્યકરોએ પ્રેમભાવ પૂર્વક સેવા આપી માનવતા અને સૌહાર્દનું સુંદર વાતાવરણ સર્જ્યું હતું. આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા વિશ્વભરમાં યોગ અને સેવાના માધ્યમથી તણાવમુક્ત જીવનશૈલી માટે થતા કાર્યોના ભાગરૂપે લુણાવાડામાં આ આયોજન કરવામાં આવ્યું હતું.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### વલ્લભ વિદ્યાનગરમાં રાજ્ય સ્તરીય પ્રજ્ઞાચક્ષુ ફૂટબોલ કેમ્પનું સમાપન કરાયુ



**આણંદ** | સેતુ ટ્રસ્ટ અને બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે શાસ્ત્રી મેદાન ખાતે 11 દિવસીય રાજ્ય સ્તરીય પ્રજ્ઞાચક્ષુ ફૂટબોલ ટ્રેનિંગ કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો. આ કેમ્પમાં 50થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમને આંતરરાષ્ટ્રીય કોચ ડેનિયલ અને મનજીત દ્વારા સઘન તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેતુ ટ્રસ્ટના 5મા સ્થાપના દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ચારુતર વિદ્યામંડળ અને જીવન ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટનો વિશેષ સહયોગ રહ્યો હતો. આ સમાપન સમારોહમાં સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો.ઇન્દ્રજીતભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

### વાસદની SVIT ખાતે ક્લાઉડ અને એઆઈ ટેક્નોલોજી પર એક સપ્તાહીય એફડીપીનું આયોજન

**આણંદ** | વાસદ સ્થિત એસવીઆઈટી કોલેજના કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ દ્વારા “Advances in Cloud, Fog, and AI” વિષય પર રાજ્ય કક્ષાનો એક સપ્તાહીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. ડો. અમિત ગણાત્રાના હસ્તે ઉદ્ઘાટિત આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓના 40 જેટલા સહભાગીઓએ ક્લાઉડ અને AI જેવા આધુનિક ક્ષેત્રોનું પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું. આ તાલીમ દરમિયાન ૧૫થી વધુ નિષ્ણાતો દ્વારા જનરેટિવ AI, Docker અને ક્લાઉડ સુરક્ષા જેવા વિષયો પર માર્ગદર્શન તેમજ ટેકનિકલ સાધનો પર તાલીમ આપવામાં આવી હતી. આ સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ડી. પી. સોની અને મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.



### સીઇએસ એકેડમીના સમર કેમ્પમાં ‘અભિનય: રસ અને ભાવ’ વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયું

**આણંદ** | સીઇએસ સંચાલિત પરફોર્મિંગ આર્ટસ એકેડમી દ્વારા સમર કેમ્પ-2026 અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ‘અભિનય: રસ અને ભાવ’ વિષય પર વિશેષ શૈક્ષણિક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડો.વૈભવ જોષીએ વિદ્યાર્થીઓને સમજાવ્યું કે અભિનય એ માત્ર સંવાદોનું પઠન નથી, પરંતુ નવરસ અને આંતરિક ભાવોની જીવંત અભિવ્યક્તિ છે. આ સંસ્થાના મંત્રી કેતનકુમાર પી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પનો મુખ્ય હેતુ વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવાનો છે. કુમાર ભોઈના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રાયોગિક નિદર્શન દ્વારા પાત્ર પ્રવેશની બારીકાઈનું જ્ઞાન મેળવ્યું હતું.



### ચરોતર એજ્યુકેશન સોસાયટીના તાલીમાર્થી દ્વારા વિકસિત ‘રોબોટિક કાઉન્સિલર’ને પેટન્ટ મળી

**આણંદ** | શહેરની આઈજે પટેલ બીએડ્ કોલેજના તાલીમાર્થી અર્થ પટેલે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સમસ્યાઓના નિરાકરણ માટે એક અનોખી રોબોટિક વ્યવસ્થા તૈયાર કરી છે. આ સિસ્ટમ દ્વારા યુઝર્સ કોઈપણ સંકોચ વગર પોતાની મૂંઝવણ રોબોટ સમક્ષ રજૂ કરી શકશે, જે માહિતી ત્યારબાદ યોગ્ય નિરાકરણ માટે ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવશે. આ સંસ્થાના આઈ.ટી. સેલના માર્ગદર્શન હેઠળ કરાયેલા આ સંશોધનને ભારત સરકારની પેટન્ટ ઓફિસ દ્વારા સત્તાવાર રીતે પેટન્ટ તરીકે માન્યતા અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.



### બાલાસિનોરમાં કાછિયા પટેલ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન - નોટબુક વિતરણ કરાયું

**બાલાસિનોર** | બાલાસિનોર કાછિયા પટેલ સમાજ ટ્રસ્ટ અને પંચ દ્વારા કુળદેવી શ્રી સમરી માતાના પાટોત્સવ નિમિત્તે ઇનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ સુધીરભાઈ ધારિયાએ રૂ. 75 હજારનું વિદ્યાદાન આપ્યું હતું અને મહાનુભવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયાં હતાં. આ કાર્યક્રમ દરમિયાન સમાજના દાતાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવાની સાથે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં બાલાસિનોર સહિત મુંબઈ, અમદાવાદ અને સુરત જેવા વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યાં હતાં.



### આણંદની હઠીપુરા માધ્યમિક શાળામાં ઉત્કૃષ્ટ પરિણામ બાદ બે નવા વર્ગખંડોનું ખાતમુહૂર્ત કરાયું

**આણંદ** | આણંદના હઠીપુરાની સરકારી માધ્યમિક શાળામાં ધોરણ 12 ના સો ટકા અને ધોરણ 10ના 93.05 ટકા પરિણામને પગલે નામાંકન વધતા સરકાર દ્વારા બે નવા વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા છે. જેનું ખાતમુહૂર્ત પંચમુખી હનુમાન મંદિરના સ્વામી અરવિંદદાસ બાપુ તેમજ ગામની દીકરીઓના હસ્તે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રીમતિ પ્રીતિબેન સોનારા, SMDC સભ્યો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહીને શાળાની આ નવી શૈક્ષણિક સિદ્ધિને વધાવી લીધી હતી. સરકારના સહયોગથી મળેલા આ નવા વર્ગખંડોને કારણે શાળામાં વધતા જતા વિદ્યાર્થીઓ માટે ભૌતિક સુવિધાઓમાં હવે નોંધપાત્ર વધારો થશે.



### આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં નવનિયુક્ત આચાર્યનો સત્કાર સમારોહ યોજાયો

**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ (ઓટોનોમસ) કોલેજમાં ડો.પ્રશાંત પટેલનો આચાર્ય તરીકેનો પદગ્રહણ અને સ્વાગત સમારોહ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. બી.એન. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. મોહનભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી ડો. પટેલને સંસ્થાની ઉજ્જવળ પરંપરાને વેગ આપવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારોહ દરમિયાન ડો. જે.ડી. વાછાણીની વાઇસ પ્રિન્સિપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



### કપડવંજના અબોચ ગામે બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ અને નવચંડી યજ્ઞ ભક્તિભાવપૂર્વક યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાના અબોચ ગામે બ્રહ્મભટ્ટ પરિવાર દ્વારા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના 16મા પાટોત્સવ નિમિત્તે ભવ્ય નવચંડી યજ્ઞ અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા સ્થિત કંચનલાલ ત્રિકમલાલ બ્રહ્મભટ્ટ પરિવારના યજમાનપદે યોજાયેલા આ પ્રસંગે માતાજીના સ્થાનક પર પ્રથમવાર ‘લીલુડા માંડવા’નું પણ વિશેષ આયોજન કરાયું હતું. મંડળના પ્રમુખ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ અને કેપ્ટન સંજયકુમારના માર્ગદર્શન હેઠળ યુવાન મિત્રોએ રાત-દિવસ મહેનત કરી આ પ્રસંગને સફળ બનાવવામાં સિંહ ફાળો આપ્યો હતો.

### કપડવંજના ચારણીયાના પ્રદ્યુમનસિંહ ગઢવીએ ધોરણ 10માં 92 ટકા મેળવ્યાં

**કપડવંજ** | કપડવંજ તાલુકાના ચારણીયા ગામના વતની ગઢવી દિગ્વિજયસિંહના સુપુત્ર પ્રદ્યુમનસિંહ ગઢવીએ ધોરણ 10 (અંગ્રેજી માધ્યમ)માં 92% અને 97 પર્સન્ટાઈલ સાથે ઝળહળતી સફળતા મેળવી છે. ગઢવી ચારણ સમાજનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારના ખાનગી ટ્યુશન રાખ્યા વિના કેવળ પોતાની મહેનતથી આ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યું છે. પ્રદ્યુમનસિંહે પોતાની સફળતા વિશે જણાવ્યું કે તેમણે શાળાના શિક્ષકોના માર્ગદર્શન મુજબ નિયમિત અભ્યાસ કરીને આ સિદ્ધિ મેળવી છે. ગ્રામીણ વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીની આ વિશેષ સિદ્ધિ બદલ ગૌરવની લાગણી અનુભવી હતી.

